પુષ્પમાળાની ખરીદી - દિવાળીના પર્વો ચાલી રહ્યા છે... ધનતેરસના પર્વે પરંપરાગત ધનલક્ષ્મીજીની પૂજા કરવામાં આવે છે.... પૂજન માટે બજારમાં ફુલ અને ફુલોના હારની ઘરાકી નીકળી હતી. (તસવીર :કશ્યપ)

ધનતેરસની ઉજવણીમાં અનોખો ઉત્સાહ : મંદિરોમાં પણ ભીડ

શહેરની જવેલરી શોપ્સમાં પણ સોના-ચાંદીની ખરીદી માટે ધસારો

ગાંધીનગર, તા.૧

દિવાળીના તહેવારનો શુભારંભ થઈ ગયો છે ત્યારે આજે ધનતેરસના દિવસે શહેરીજનોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. ધનતેરસના દિવસે સવારથી જ શહેરના મંદિરોમાં ભાવિકો દર્શન માટે આવતા ભીડ જોવા મળી હતી. જ્યારે સાંજે ધનપૂજાના મુહુર્ત સમયે પણ વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. ધનતેરસના દિવસે સોના ચાંદીની ખરીદી માટે પણ જવેલરી શોપ્સમાં ધસારો રહ્યો હતો.

અંધકાર દૂર કરી અંતઃકરણમાં અજવાળા પાથરતા દિવાળીના પર્વમાં પ્રત્યેક દિવસનું આગવું મહત્વ હોય છે અગિયારસ અને બારસના દિવસ બાદ ધનતેરસના દિવસે ધનની પૂજા કરવાનું શાસ્ત્રોકત રીતે વિશેષ મહત્વ દર્શાવાયું છે. જયારે ધનપૂજાથી સુખ-સમૃધ્ધિ પ્રાપ્ત થતી હોવાથી આ દિવસે ભાવિકો વિશેષ ભકિતભાવ સાથે લક્ષ્મીપૂજન કરે છે. શહેરમાં આજે ધનતેરસના પર્વ નિમિત્તે નગરજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારથી જ સે-૨૨ પંચદેવ મંદિર, સોમનાથ મહાદેવ, સે-૨૩ સ્વામિનારાયણ મંદિર, સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર સહીતના દેવસ્થાનોમાં દર્શનાર્થે ભાવિકોની ભીડ જોવા મળી હતી. દિવસ દરમિયાન જવેલરી શોપ્સમાં પણ સોના-ચાંદીની ખરીદીમાં ઉછાળો રહ્યો હતો. મોડી સાંજે ધનપૂજા માટે શ્રેષ્ઠ મુહુર્ત હોવાથી નાગરિકોએ શ્રધ્ધા ભાવ સાથે વિશેષ રૂપે લક્ષ્મી પૂજન કરી ધન્યતા અનુભવી હતી.

આર.ટી.ઓ.માં આજે પણ લાયસન્સ રીન્યુ માટેની કામગીરી થઈ શકશે

અરજદારોને હાલાકી ન વેઠવી પડે તે માટે આયોજન

ગાંધીનગર, તા.૧

તહેવારના દિવસોમાં લાયસન્સ રીન્યુ કરવા આવતા અરજદારોને હાલાકી ન વેઠવી પડે તે માટે આર.ટી.ઓ. કચેરીમાં શનિવારે પણ લાયસન્સ સંબંધિત કામગીરી હાથ ધરાશે.

દિવાળીના તહેવારમાં લાયસન્સ રીન્યુ કરાવવા આવતા અરજદારોને કોઈ હાલાકી ભોગવવી ન પડે તે માટે વિશેષ તકેદારી રાખવામાં આવશે. લાયસન્સની મુદત પુરી થતી હોય ત્યારે તહેવારના દિવસોમાં રીન્યુની કાર્યવાહી ન થતી હોવાથી અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. જેને ધ્યાને લઈ નગરની હાઈટેક આર.ટી.ઓ કચેરીમાં વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. એ.આર.ટી.ઓ. શ્રી આચાર્યએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સામાન્ય રીતે રજાના દિવસે લાયસન્સ ઈશ્યુ કરવાની કામગીરી થતી નથી. જયારે કાચા-પાકા લાયસન્સ સંદર્ભે કોમ્પ્યુરાઈઝડ કે ડ્રાઈવીંગ ટ્રેક પર ટેસ્ટ પણ લેવાતી નથી પરંતુ આવા સંજોગોમાં ખાસ કરીને લાયસન્સ રીન્યુ કરાવવા આવતા અરજદારોની મુશ્કેલીને ધ્યાને લઈ શનિવારના દિવસે પણ કામગીરી ચાલુ રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેથી લાયસન્સ રીન્યુ માટે આવતા અરજદારોને તકલીફ ન પડે.

ચિલોડા બજારમાં હાટડીઓ ધમધમી ઉઠી

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે દિપાવલી પર્વ નિમિત્તે ચિલોડા સર્કલની નજીકના વિસ્તારમાં જાહેર માર્ગો જેવા કે દહેગામ તથા ચિલોડા એપ્રોચ માર્ગ પરના બંને બાજુએ સીઝનેબલ ધંધા-વ્યવસાયના વેપારીઓએ પોતાના દારૂખાનુ કે મિઠાઈની દુકાનો તથા હાટડીઓ બાંધી ધૂમ વેચાણ કરી રહ્યા છે. આમ ચિલોડા વિસ્તારના આજુબાજુના ગામોના ઉત્સવપ્રેમી લોકો ખરીદી કરવા ભારે ભીડનો જમેલો જોવા મળે છે. આમ ચિલોડા વિસ્તારમાં દિવાળીનો માહોલ જામ્યો છે. આમ ચિલોડા એપ્રોચ રોડ પર હાટડીઓને લીધે ગ્રામજનોને અવરજવર કરવામાં ભારે હાડમારી વેઠવી પડે છે. ઘણીવાર વાહનોની ભીડ તથા આડેધડ વાહનોના પાર્કિંગને લીધે લોકોને હેરાન પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

દારૂનો જથ્થો ભરેલી વૈભવી કાર ચિલોડા પોલીસે પીછો કરીને ઝડપી લીધી

૨૨૦ બોટલ દારૂનો જથ્થો મળીને ૫.૮૨ લાખના મુદ્દામાલ સાથે બુટલેગરની ધરપકડ

ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર ગણાતુ ચિલોડા સર્કલથી ગાંધીનગર તરફ જવાના વાહનચેકીંગ પોઈન્ટ પાસેથી દારૂ ભરેલી વૈભવી કાર પસાર થઈ રહી હતી. ચિલોડા પોલીસ દ્વારા વાહન ચેકીંગ દરમ્યાન ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી કે.કે. પંડ્યા તથા તેમનો પોલીસકર્મી સ્ટાફ ગાંધીનગર જવાના માર્ગ પર વાહનચેકીંગની કામગીરી કરી રહ્યા હતા ત્યારે હાઈવે પરથી આવી રહેલી જાયલો વૈભવી કાર નં. જીજે-૧૨-એ.કે.૮૨૧ પને ઉભી રાખવાની કોશિષ કરી હતી. કાર ચાલકે કારને સહેજ ધીમી પાડ્યા બાદ ગાંધીનગર તરફ હંકારી મુકતાં પોલીસે તુરત જ પીછો કરી સે. ૩૦ના સર્કલ પાસેથી ૧૮ પેટી વિદેશી દારૂ ભરેલી કારને ઝડપી લીધી હતી.

આ કારચાલકને પકડવા માટે વાહનચેકીંગ તથા નાકાબંધી પોઈન્ટથી ગાંધીનગર તરફ ભગાડેલ કારને ઝડપી લેવા ચિલોડા મોબાઈલ વાનથી ગાડીનો પીછો કર્યો હતો. આ ઉપરાંત ભાગી છૂટેલ કારને ઝડપવા પોલીસ કંટ્રોલ દ્વારા ગાંધીનગર સે. ૩૦ સર્કલ સઘન ચેકીંગ હાથ ધરાયું હતું. ત્યારબાદ ચિલોડા પોલીસે સે. ૩૦ના સર્કલ પાસે તપાસ બાદ વિદેશીદારૂ ૧૮ પેટી જેમાં રોયલ સ્ટેજ વ્હીસ્કી ૧૦૩ બોટલો કિં. રૂ. ૪૧,૨૦૦, મોગલ મોનાર્ક ડીલક્સ ૩૬ બોટલ - કિં. રૂ. ૧૦,૮૦૦, ગ્રીન લેબલ વ્હીસ્કી ૪૫ બોટલ - ૧૩,૫૦૦, ડી.એસ.પી. બ્લેક ડીલક્સ ૩૬ બોટલ - ૧૪,૪૦૦ મળીને કુલ રૂ. ૭૯,૮૦૦ નો દારૂનો જથ્થો જપ્ત કરીને ૫ લાખની જાયલો કાર તેમ જ અન્ય મુદ્દામાલમાં સેમસંગ મોબાઈલ-૧ - ૧૦૦૦, રોકડ રકમ - ૨૦૦૦ કબજે લઈને જૂનાગઢનો રહેવાસી બુટલેગર રામભાઈ ભીમાભાઈ ગોરાણીયા શખ્સની ધરપકડ કરી ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગે વધુ તપાસ પી.આઈ. કે.કે. પંડ્યા ચલાવી રહ્યા છે.

સરગાસણ ચોકડી પાસે દારૂ ભરેલી કાર પલ્ટી ખાધી : દારૂની લૂંટ

બુટલેગરે તાત્કાલિક સ્કોર્પીયો ગાડી મંગાવીને અડધો માલ ભરી દીધો અને ભાગી ગયો : ૧.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરની ખ-૦ ચોકડી (સરગાસણ ચોકડી) પાસે ગઈરાત્રે અચાનક એસેન્ટ ગાડી પલ્ટી મારી ગઈ હતી. આ ગાડીમાં દારૂનો જથ્થો ભરેલો હતો. ગ્રામજનોને જાણ થતાં દારૂની બોટલોની લુંટ થઈ હતી. અકસ્માતમાં બુટલેગરને વધુ ઈજા થઈ ન હતી. તેણે તાત્કાલિક સ્કોર્પીયો ગાડી મંગાવીને અડધો દારૂનો જથ્થો ભરી દઈ તેમાં જ પલાયન થઈ ગયો હતો. પોલીસને આ અંગે જાણ થતા સે. ૭ પોલીસ પહોંચી ગઈ હતી અને રૂ. ૧.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગઈકાલે રાત્રે એસેન્ટ ગાડી નં. જીજે-૧-એએ-૫૫૫૬ ખ-માર્ગ પરથી પસાર થઈ રહી હતી અને સરગાસણ ચોકડી પાસે પલ્ટી મારી ગઈ હતી. આ ગાડી પલ્ટી થતા જ તેના ચાલકે બીજી ગાડી સ્કોર્પીયો બોલાવી લીધી હતી. આ ગાડીમાં દારૂ-બીયરનો જથ્થો ભરેલો હતો. થોડી જ વારમાં આવી ગયેલી સ્કોર્પીયો ગાડીમાં તે શખ્સે દારૂનો જથ્થો અકસ્માતગ્રસ્ત એસેન્ટમાંથી ખાલી કરીને ભરવાનું શરૂ કરી દીધુ અને અડધો માલ ભરીને ત્યાંથી સ્કોર્પીયોમાં ભાગી ગયો હતો. ગ્રામજનોને આ અંગે જાણ થતાં ત્યાં દોડી આવ્યા હતા અને ગાડીમાં પડેલી દારૂની બોટલોની લુંટ ચલાવી હતી. ૮૨ હજારનો દારૂ-બિયરનો જથ્થો પોલીસના હાથે આવ્યો હતો તે જપ્ત કરીને ૧ લાખની ગાડી સહીત કુલ રૂ. ૧.૮૨ લાખનો મુદ્દામાલ સે. ૭ પોલીસે કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. અકસ્માતગ્રસ્ત ગાડીના નંબરને આધારે પી.એસ.આઈ. એ.કે. ભરવાડે બુટલેગર સુધી પહોંચવા ચકોગતિમાન કર્યા છે.

સે. ૪માં સરકારી દવાખાનુ અને સ્ટ્રીટ લાઈટોનો પ્રશ્ન સત્વરે હલ કરવા માંગણી

સેક્ટર-૪ વસાહતી મંડળની એક અખબારી યાદીમાં જણાવેલ છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા સે. ૪માં સરકારી દવાખાનુ હજુ સુધી ચાલુ કરાયું નથી તેમજ સેક્ટરના આંતરિક માર્ગો પર સ્ટ્રીટલાઈટો લાંબા સમયથી બંધ હોવાથી ચોરી જેવા બનાવોની દહેશત રહે છે. આથી સત્વરે આ સ્ટ્રીટલાઈટો ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવા ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવેલ છે. પરંતુ વારંવાર રજૂઆતો કરવા છતાં આ બાબતે કોઈ નક્કર પગલા ભરાતા નથી આથી હવે જો આ અંગે કોઈ કાર્યવાહી નહી કરવામાં આવે તો વસાહતો દ્વારા આંદોલનાત્મક પગલાં ભરવાનું નક્કી કરવામાં આવેલ છે તેવું સે. ૪ વસાહત મંડળના પ્રમુખ તેજાભાઈ દેસાઈએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

કાળી ચૌદશની રાત્રે મુકિતધામ સે-૩૦ ખાતે કોઈ પણ કાર્યક્રમ રાખેલ નથી

ગાંધીનગર, તા.૧

કાલીચૌદશની રાત્રે સ્મશાનોમાં અંધશ્રધ્ધાથી ભરપૂર વિધી વિધાન કાર્યક્રમો યોજાતા હોય છે ત્યારે મુકિતધામ સે-૩૦ ખાતે તા. ૨ નવેમ્બર કાળી ચૌદશે કોઈ પ્રકારની ધાર્મિક કે અન્ય કાર્યક્રમ રાખેલ નથી.

કાલીચૌદશની રાત્રે સ્મશાનમાં ભૂત પ્રેત સાધવાની પ્રવૃત્તિ કરવામાં આવતી હોય છે તેવી લોકવાયકા સમાજમાં ફેલાયેલી છે. ત્યારે જાગ્રત નાગરિકોને જુ.સી.કા. દ્વારા જણાવવામાં આવે છે કે ગાંધીનગર મુકિતધામ ખાતે આવી કોઈ પણ પ્રવૃત્તિ કરાવામાં આવતી નથી. અને જો આવી પ્રવૃત્તિ કરતા માલુમ પડશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

કાળી ચૌદશ નિમિત્તે સંગીતમય સુંદરકાંડનું આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં કાળી ચૌદશે તા. ૨ નવેમ્બરના રોજ સંગીતમય સુંદરકાંડ અને હનુમાન ચાલીસાના પાઠ કાંતિભાઈ યોગીની વ્યાસ પીઠે સાંજે ૭-૦૦ કલાકે બાલાજી હનુમાન મંદિર સેકટર-૨-એ ખાતે આયોજન કરવામાં આવેલ છે. ત્યારબાદ રાત્રે ૯.૩૦ કલાકે મહાઆરતી સાથે પંચદેવ મંદિર સેકટર-૨૨ ખાતે હનુમાન ચાલીસાના પાઠના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

મોચી સમાજનો સન્માન સમારોહ

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારોહ, તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૯ નવેમ્બર સવારે ૯ કલાકે આંબેડકર ભવન સે-૧૨ ખાતે યોજાશે. જેમાં મોચી સમાજના ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ માર્કશીટ સાથે ભગવાનભાઈ ગોહિલ અને મહેન્દ્રભાઈ રાઠોડનો સંપર્ક કરવો.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

મેડીકલ કોલેજની એકાઉન્ટ ઓફીસમાંથી રૂ. ૧૯ હજાર રોકડની ચોરી

ટેબલના ખાનાનું લોક તોડીને અંદરથી રૂ. ૧૯ હજાર કાઢી લીધા હતા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મેડીકલ કોલેજની એકાઉન્ટ ઓફીસમાં કેશિયરનાં ટેબલને કોઈ શખ્સોએ નિશાન બનાવ્યું હતું. ટેલબનું લોક તોડીને ખાનામાંથી એક પેટી કાઢી તેમાંથી રૂ. ૧૯ હજાર રોકડા ઉઠાંતરી કરીને શખ્સો ફરાર થઈ ગયા હતાં. ગઈ કાલે આ અંગે મેડીકલ કોલેજનાં અધિકારીઓને જાણ થઈ હતી પરંતુ કોઈ કારણોસર ફરિયાદ નોંધાવી ન હતી.

મેડીકલ કોલેજના એકાઉન્ટ શાખામાં ફરજ બજાવતા કેશિયર થોડા દિવસોથી રજાઓ પર છે. તેમને અકસ્માત થયેલો હોવાથી ઓફીસમાં રજાઓ રાખેલી છે. તેમના ટેબલમાં મેડીકલ કોલેજમાં જમા થયેલા રૂપિયા એક પેટીમાં મુકીને ટેબલને લોક કરવામાં આવે છે. આ ટેબલને કોઈ શખ્સોએ નિશાન બનાવીને ટેબલનું તાળુ તોડી નાંખ્યું હતું. અંદરથી પેટી ઉપાડીને તેમાં પડેલા રૂ. ૧૯ હજાર રોકડાની ઉઠાંતરી કરીને તે શખ્સો ફરાર થઈ ગયા હતાં. આ અંગે મેડીકલ કોલેજના અધિકારીઓને જાણ થઈ પરંતુ પોલીસ ફરીયાદ કરવાનું કોઈ કારણોસર ટાળ્યું છે.

લિંબડીયા કેનાલમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

પાંચ દિવસ અગાઉ આધેડ ઘરેથી રૂ. ૩ લાખ રોકડા લઈ ગયા હતા જેમનો મૃતદેહ કેનાલમાંથી મળ્યો : પોલીસ અનેક મુદ્દાઓને આધારે તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ડભોડા પાસેથી પસાર થતી લિંબડીયા નર્મદા કેનાલમાં આજે સવારના સુમારે કેનાલ સિક્યુરિટી ગાર્ડને કેનાલના પાણીમાં તરતો આધેડનો મૃતદેહ નજરે પડ્યો હતો. જેથી ગાર્ડએ આ મામલે ડભોડા પોલીસને જાણ થતા પોલીસે ઘટનાસ્થળે આવી મૃતદેહને બહાર કઢાવ્યો હતો. બાદમાં ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસસૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતેથી પસાર થતી લિંબડીયા નર્મદા કેનાલના સિક્યુરિટી ગાર્ડ પ્રવિણસિંહ ઠાકોર ફરજ પર હતા ત્યારે નર્મદા કેનાલના પાણીમાં એક આધેડનો તરતો મૃતદેહ નજરે પડ્યો હતો. આથી તુરંત ગાર્ડે ડભોડા પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે દોડી આવી મૃતદેહને બહાર કઢાવ્યો હતો અને તેની તપાસ કરતા પેન્ટના ખિસ્સામાંથી એક બીલ મળી આવ્યું હતું. જેના આધારે પોલીસે તે નંબર પરથી શોધખોળ કરતા મૃતક ભીખાભાઈ બેચરદાસ પટેલ ઉ.વ.૭૦ હોવાનું માલુમ પડ્યું હતું. બાદમાં પરિવારજનોનું કહેવું એવું છે કે ભીખાભાઈ પટેલ માણસા તાલુકાના કડાસણા ગામે રહેતા હતા અને નિવૃત્ત જીવન ગુજારી રહ્યા હતા. પાંચ દિવસ અગાઉ ઘરે કોઈને કહ્યા વગર રૂ. ૩ લાખ રોકડા લઈ નીકળી ગયા હતા. જેમની પાંચ દિવસથી કોઈ ભાળ ન મળી હતી. દરમિયાન આજે આ રીતે મૃત્યુ થતા પરિવારજનો અચંબામાં મુકાઈ ગયા છે અને તેમની પાસે રહેલા રૂ. ૩ લાખ પણ મળ્યા ન હતા. પોલીસને આ મામલે શંકાઓ થઈ રહી છે. મૃતક ભીખાભાઈ પટેલનું પાણીમાં ડુબી જવાથી કે કોઈએ રૂપિયા લઈ પાણીમાં નાખી દીધા હોવાની ચર્ચા છે. હાલ આ મામલો હત્યા કે આત્મહત્યા વચ્ચે રહસ્યમય બન્યો છે. જ્યારે બીજી તરફ પોલીસ પણ અનેક શંકાઓના આધારે તપાસ કરી રહ્યું છે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજનો ગુરૂવારે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના કાર્યવાહક સમિતિનો નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ તા. ૭મી નવેમ્બરના રોજ પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને સંસ્થાના કાર્યાલય સ્વસ્તિક કોમ્પલેક્ષ સેક્ટર-૨૨ ખાતે સાંજે યોજાશે તેમ પ્રવરમંત્રી શ્રી ડી.પી. સંઘાણી દ્વારા જણાવાયું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૯
સૂર્યાસ્ત : ૬.૧૦

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૫૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૮.૧૫, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૧૦.૪૫, ૧.૪૫, ૫.૦૦, ૮.૧૫

: સ્ક્રીન-૪ :
ક્રિશ -૩ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૧૫, ૧૨.૦૦, ૧.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ :૯.૧૫, ૧૨.૦૦, ૧.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

ચિરાગ, કલોલ

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

વૃષભ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

મિથુન : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

કર્ક : કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

સિંહ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

કન્યા : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

તુલા : પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

કુંભ : સંગીતમાં ક્ષેત્રમાં રુચિ વધશે. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે. જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

મીન : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. આવકના સ્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.